MSUના બેવિધાર્થીઓ બાઇક પર વડોદરાથી લેહ લદ્દાખ મહિનાનો પ્રવાસ શરૂ કર્યો

# ૮,૩૫૦ કિ.મી.ના પ્રવાસ દરમિયાન ૫૦ શહેરોમાં રોકાણ કરશે



વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ ગાયકવાડ વિશ્વ વિદ્યાલયમાં ભણતા બેવિધાર્થીઓ બાઈક પર વડોદરાથી લેહ લદાખ મહિનાનો પ્રવાસ શરૂ કર્યો છે.તેઓ દ્વારા આ પ્રવાસ દરમ્યાન 500 થી વધુ શહેર અને ગામોમાં રોકાણ કરીને પર્યાવરણ ની જાગૃતિ નો ફેલાવશે. સમગ્ર વિશ્વ માં પ્રદુષણ નું પ્રમાણ વધતુ જ જાય છે ત્યારે તેને અટકાવવા અને જાગૃતિ ફેલાવવા માટે શહેરની એમ.એસ. યુનિ.ના બે વિદ્યાર્થીઓ વિશ્વ પર્યાવરણ દીને વડોદરાથી બાઈક પર લેહ લદાખ જવા રવાના થયા હતા. બંને વિદ્યાર્થીઓ ૮,૩૫૦ કિ.મી.ના પ્રવાસ દરમિયાન ૫૦ શહેરોમાં રોકાણ કરશે. આ યાત્રા દરમિયાન બંને વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ માટે જાગૃત્તિ ફેલાવશે.

**યાત્રા પ્રવાસનો મુખ્ય હેતુ લોકોમાં પર્યાવરણ અને વડાપ્રધાન મોદીના સ્વચ્છ ભારત અભિયાન મુદ્દે અન્ય વિદ્યાર્થીઓમાં જાગૃતી ફેલાવવાનો છે**

વિશ્વ પર્યાવરણ દિને એમ.એસ.યુનિ.ના બે વિદ્યાર્થીઓ વૃક્ષ વધુ વાવો, વૃક્ષનું જતન કરો, વૃક્ષ જ જીવન છે..ના સંદેશ સાથે વડોદરાથી લેહ લદાખનો બાઈક પર પ્રવાસ શરૂ કર્યો હતો. હિમાંશુ વર્મા કોર્મસ અને ડેરેન ક્રિશયન આર્ટસનો વિદ્યાર્થી છે.આ બંને વિદ્યાર્થીઓ ૩૦ દિવસના પ્રવાસમાં ૫૦થી વધુ શહેરોમાં રોકાણ કરશે. દિલ્હી અને અમૃતસરથી બંનેના મિત્રો આ યાત્રામાં જોડાશે. શહેરના વિદ્યાર્થીઓ પર્યાવરણ અને વડાપ્રધાન મોદીના સ્વચ્છ ભારત અભિયાન મુદ્દે અન્ય વિદ્યાર્થીઓમાં જાગૃત્તી ફેલાવશે. શહેરના બંને વિદ્યાર્થીઓ એક મહિનામાં ૮,૩૫૦ કિ.મી.નો પ્રવાસ બાઈક પર ખેડશે.